# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 05-12-2024 Morning : 7.10 to 7.20 AM
Day : Thursday Regional News

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1. આજે વિશ્વ જમીન દિવસ - છેલ્લાં બે દાયકામાં રાજ્યનાં ખેડૂતોને બે કરોડ 15 લાખ સોઇલ હેલ્થ કાર્ડ વિતરિત કરાયા
2. રાજ્ય સરકારનાં કર્મચારીઓ અને પેન્શનધારકોનું મોંઘવારી ભથ્થું ત્રણ ટકા વધારીને 53 ટકા કરાયું
3. રાજ્યનાં જીએસટી વિભાગે 186 કરોડ રૂપિયાની જીએસટી ચોરીનું કૌભાંડ ઝડપ્યું
4. જાન્યુઆરીમાં યોજાનારા ખેલ મહાકુંભમાં ભાગ લેવા આજથી ઓનલાઇન નોંધણીનો પ્રારંભ
5. બીઝેડ ગ્રૂપ દ્વારા છેતરપિંડીનાં કેસમાં તપાસ સંસ્થા 22 મિલકતોને ટાંચમાં લેશે
6. રાજ્યમાં ઠંડીનું જોર ઘટ્યુઃ આગામી ત્રણ દિવસ બાદ ઠંડીનો રાઉન્ડ શરૂ થશે

-------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# JAMIN DIVAS WITH VOICE CAST

આજે પાંચમી ડિસેમ્બરે વિશ્વ જમીન દિવસ તરીકે ઉજવવામાં આવશે. આ દિવસ નિમિત્તે આજે રાજ્યના ખેડૂતો માટેસરકાર દ્વારા કરાયેલી કામગીરીની બાબત અંગે સાંભળીએ એક અહેવાલ...

.(વૉઈસકાસ્ટ- પ્રવેશઅડિએચા)

(જમીન એ ખોરાક, પાણી અને પોષણ માટેનો મુખ્ય સ્ત્રોત છે. એટલા માટે જ મનુષ્ય જીવનને ટકાવી રાખવામાં જમીનનું મહત્વ અનન્ય છે. જમીનની ગુણવત્તા જાળવી રાખવા તેમજ જમીન સંરક્ષણની જરૂરિયાત અંગે લોકજાગૃતિ કેળવવા દર વર્ષે પાંચમી ડિસેમ્બરને "વિશ્વ જમીન દિવસ" તરીકે મનાવવામાં આવે છે. આ વર્ષે જમીન દિવસની ઉજવણી "જમીનની સંભાળ: માપ, દેખરેખ, વ્યવસ્થા"ની વિષયવસ્તુના આધારે કરાશે. વાત કરીએ સૉઈલ હેલ્થકાર્ડ યોજનાની, તો છેલ્લા 2 દાયકામાં રાજ્યના ખેડૂતોને 2 કરોડ 15 લાખ જેટલા સૉઈલ હેલ્થ કાર્ડનું વિનામૂલ્યે વિતરણ કરાયું છે. તેમજ જમીનની તંદુરસ્તીમાટે આ અનોખી યોજના અમલમાં મુકવાવાળું ગુજરાત દેશનું સૌપ્રથમ રાજ્ય પણ બન્યું છે.)

# State Govt employee DA hike

રાજ્ય સરકારે તેનાં કર્મચારીઓ અને પેન્શન ધારકોને મળવા પાત્ર મોંઘવારી ભથ્થામાં ત્રણ ટકાનો વધારો કર્યો છે. આ લાભ 1 જુલાઇ, 2024ની અસરથી મળશે. હાલ કર્મચારીઓને 50 ટકાનાં દરે મોંઘવારી ભથ્થું મળે છે, જે હવે 53 ટકા કરવામાં આવ્યું છે.

કર્મચારીઓને જુલાઇથી નવેમ્બરનાં સમયગાળા માટે મળવાપાત્ર મોંઘવારી ભથ્થાનાં તફાવતની રકમ જાન્યુઆરી મહિનામાં ચૂકવવામાં આવનારા ડિસેમ્બરનાં પગારની સાથે રોકડમાં ચૂકવવામાં આવશે. રાજ્ય સરકારની પ્રવર્તમાન નીતિ અનુસાર જેમને હાલ સાતમા પગારપંચ મુજબ પગાર સુધારણાનો લાભ મળે છે, તેવા કર્મચારીઓને જ મોંઘવારી ભથ્થામાં વધારાનો લાભ મળશે.-.

# cm ranchrda jinalay

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે અમદાવાદના રાંચરડામાં "શ્રીપાર્શ્વ-પ્રેમ 24 જિનેશ્વર ધામ" ખાતે એક કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. આ જિનાલયના પ્રાણ પ્રતિષ્ઠા મહોસત્વ અન્વયે ગત 29 મી નવેમ્બરથી એકાદશાહ્નિકા મહોસત્વનો પ્રારભ થયો છે.

આ સ્થળે જિનાલય, ભોજનશાળા, ધર્મશાળા, બિમાર - વૃદ્ધ સાધુ - સાધ્વિઓ માટે આવાસોનું પણ નિર્માણ કરવામાં આવી રહ્યું છે. આગામી 08 ડિસેમ્બર જિનાલયનો પ્રાણ પ્રતિષ્ઠા કાર્યક્રમ યોજાશે. આ જિનાલય જૈન તથા દ્રવિડ શૈલીનાં સમન્વયયુક્ત વિશ્વનું પ્રથમ જિનાલય મનાય છે.

# TAPI KHETI

તાપી જિલ્લામાં ઉકાઈ ડેમના કેચમેન્ટ વિસ્તારમાં દર વર્ષે પાણી ભરાય છે, પરંતુ આવી સ્થિતિમાં સફળ ખેતી કઈ રીતે કરવી તેનો રસ્તો આ વિસ્તારના ખેડૂતોએ શોધી કાઢ્યો છે. વાવણી બાદ વરસાદ પડે તેમ આ કેચમેન્ટ વિસ્તારમાં ધીરે-ધીરે પાણીનું સ્તર વધે છે અને છતાં જુવાર, શેરડી અને ઘાસ જેવા પાકો ઓછા ખર્ચે તેમાં સફળ રીતે થઈ શકે છે. નવાઈની વાત તો એ છે કે ખેડુતો હોડીમાં બેસીને જુવારનાં કણસલા કાપવા જાય છે અને સારી આવક મેળવે છે. આ અંગે લક્ષ્મી ખેડા ગામના ખેડૂત નિતેશ નાઈકે માહિતી આપી હતી.

(બાઈટઃ નિતેશનાઈક, ખેડૂત, લક્ષ્મીખેડા ગામ)

# GST SCAM

રાજ્ય વસ્તુ અને સેવા કર- GST વિભાગની અન્વેષણ શાખાએ 186 કરોડ રૂપિયાથી વધુનું GST કૌભાંડ પકડ્યું છે. અને પ્રગ્નેશ કંતારિયાની ધરપકડ કરી છે.

સત્તાવાર યાદી મુજબ GST વિભાગે ગત મહિને કૉપરના ધંધા સાથે સંકળાયેલી સુરત, રાજકોટ, ભરૂચ, વાપી, જુનાગઢ અને ભાવનગરમાં આવેલી 14 ખાનગી કંપનીઓ સામે તપાસ અને જપ્તીની કામગીરી હાથ ધરી હતી.

દરમિયાન એક ભાગીદારની 19 કરોડથી વધુની જીએસટી ચોરીની સંડોવણી બદલ 13 નવેમ્બરે સુરતથી ધરપકડ કરાઈ હતી. આ જ બાબતે અન્ય એક કંપનીના ભાગીદાર પ્રગ્નેશ કંતારિયા ગઈકાલે તપાસ સત્તાધિકારી સમક્ષ હાજર થયા હતા. આરોપી પ્રગ્નેશ કંતારિયાએ પોતાની કંપની દ્વારા બોગસ પેઢીઓ પાસેથી 186 કરોડ રૂપિયાથી વધુના ખોટા આર્થિક વ્યવહારો દર્શાવી 34 કરોડથી વધુની ખોટી વેરાશાખ ભોગવી છેતરપિંડી કરી હતી. ઊંડાણપૂર્વક તપાસ કરવા પ્રગ્નેશ કંતારિયાની ધરપકડ કરવામાં આવી છે.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા X હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

# AMBAJI RATH

અંબાજી મંદિર દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા 51 શક્તિપીઠ મંદિરના પ્રચાર પ્રસાર માટે અંબિકા રથ તૈયાર કરાયો છે. આ રથ રાજ્યના વિવિધ વિભાગોમાં મોકલવામાં આવે છે. ગઈકાલે આ રથના ત્રીજા તબક્કાનો પ્રારંભ થયો છે.

આ પ્રસંગે અધિક કલેક્ટરે અંબાજી રથમાં માતાજીની આરતી-પૂજા કરી માતાજીની ધજા લહેરાવી રથનું પ્રસ્થાન કરાવ્યું હતું. આ અંગે અધિક કલેક્ટર કૌશિક મોદીએ માહિતી આપી હતી.

(બાઈટ. કૌશિક મોદી અધિક કલેકટર મંદિર ટ્રસ્ટ અંબાજી )

# KHEL MAHAKUMBH

રાજ્યભરમાં જાન્યુઆરી મહિનામાં યોજનારા ત્રીજા તબક્કાના ખેલ મહાકુંભ માટે આજથી ઑનલાઈન નોંધણીનો પ્રારંભ થશે. ઈચ્છુક ખેલાડીઓ 25 ડિસેમ્બર સુધી નોંધણી કરાવી શકશે. આ વખતે 39 રમત પૈકી 32 ઑલિમ્પિક રમતો અને સાત નવી રમતો રમાશે. જ્યારે વિશેષ ખેલ મહાકુંભના ત્રીજા તબક્કા અંતર્ગત 25 પેરા-સ્પૉર્ટ્સ જેવી રમતોનું પણ આયોજન કરાયું છે. ખેલ મહાકુંભ આગામી 31 માર્ચ 2025 સુધી યોજાશે.

# sc nigam sahay

કચ્છ અને સૌરાષ્ટ્રના૧૨ જિલ્લાના અનુસૂચિત જાતિના લાભાર્થીઓને આવતીકાલે વિવિધ નિગમોની યોજનાઓ માટે લોન સહાય વિતરણ કાર્યક્રમ સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીભાનુબેન બાબરીયાની અધ્યક્ષતામાં યોજશે. જેમાં૧૨ જિલ્લાના ૧હજાર ૮૪૦ લાભાર્થીઓને ૩૪.૩૫ કરોડ રૂપિયાની વિવિધ લોન સહાયનું વિતરણ કરાશે. ભુજ ટાઉનહોલ ખાતે યોજનારા કાર્યક્રમમાં રાજ્યકક્ષાના મંત્રી શ્રી ભીખુસિંહજી પરમાર ઉપસ્થિત રહેશે.

# BZ Group Pandiyan

બીઝેડ ગ્રૂપના માલિક ભુપેન્દ્રસિંહ ઝાલા દ્વારા રોકાણકારો સાથે થયેલી છેતરપિંડીનાં કેસમાં તપાસ સંસ્થાને 22 મિલકતો મળી આવી છે જેને ટાંચમાં લેવાની કાર્યવાહી કરવામાં આવશે. CID ક્રાઇમના અધિક પોલિસ મહાનિદેશક રાજકુમાર પાંડિયને ગઇ કાલે જણાવ્યું હતું કે BZના એજન્ટ રોકાણકારોને ફરિયાદ કરવાની ના પાડે છે.

આવા એજન્ટોને તેમણે કડક પગલાં લેવાની ચીમકી આપી છે. તેમણે રોકાણકારોને પણ એજન્ટ અથવા ભૂપેન્દ્રસિંહ અંગેની માહિતી આપવા વિનંતી કરી હતી. બીઝેડ ગ્રૂપમાં પાંચથી છ ક્રિકેટરોએ રોકાણ કર્યું હોવાનું તપાસ દરમિયાન જાણવા મળ્યું છે. રોકાણકારો મોટા ભાગે શિક્ષક હોવાનું સામે આવ્યું છે.

# Weather

દેશનાં ઉત્તર-પૂર્વીય પર્વતીય વિસ્તારોમાં થઈ રહેલી સતત હિમવર્ષાની અસરથી આગામી ત્રણ દિવસ બાદ રાજ્યમાં ઠંડી વધવાની સંભાવના છે. હવામાન વિભાગના નિયામક ડોક્ટર એ કે દાસે જણાવ્યું હતું કે, આગામી ત્રણ દિવસ રાજ્યમાં તાપમાન યથાવત રહેશે. ત્યારબાદ તમામ જિલ્લાઓમાં બેથી ચાર ડિગ્રી સેલ્સિયશ તાપમાન ઘટશે.

ગઈ કાલે નલિયા 15 ડિગ્રી સાથે રાજ્યનું ઠંડુ શહેર હતું. રાજ્યનાં અનેક શહેરોમાં 18 ડિગ્રીથી વધુ લઘુતમ તાપમાન નોંધાયું હતું. વેરાવળમાં 23.5, સુરતમાં 23.1, ભાવનગરમાં 20.9, અમદાવાદમાં 19.8, ગાંધીનગરમાં 19.3, વડોદરામાં 18.4 ડિગ્રી સેલ્સિલય લઘુતમ તાપમાન નોંધાયું હતું.-

# i khedut portal bhuj

ખેતીવાડી ખાતાની વિવિધ યોજનાઓ અંતર્ગત કિસાન પરિવહન યોજના વર્ષ ૨૦૨૪-૨૫ માટે આઈ ખેડૂત પોર્ટલ પર આજથી ઓનલાઈન અરજીઓ સ્વીકારવામાં આવશે. આ યોજના હેઠળ લાભ મેળવવા ઈચ્છતા ખેડૂતોએ આ પોર્ટલના માધ્યમથી અરજી કરવાની રહેશે. આ અંગે વધુ માહિતી માટે ગ્રામ સેવક, વિસ્તરણ અધિકારી કે ખેતીવાડી અધિકારીનો સંપર્ક કરવા કચ્છ જિલ્લા ખેતીવાડી કચેરીની યાદીમાં જણાવાયું છે.

# 68th Under 14 and 17 Boxing Championship

તાજેતરમાં અમદાવાદમાં 68મી અખિલ ભારતીય શાળાકીય અન્ડર 14 અને 17 બોક્સિંગ રાજ્યકક્ષાની બહેનો અને ભાઈઓની સ્પર્ધામાં બનાસકાંઠાની વિમળા વિદ્યાલય ગઢના 24 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાંથી ખેલાડીઓએ ચંદ્રકો મેળવ્યા છે. વિજેતા ખેલાડીઓના કોચ ફૈયાઝ નગોરીએ જણાવ્યું કે, કુલ 10 ખેલાડીઓએ સુવર્ણ, સાત ખેલાડીઓએ રજત અને ચાર ખેલાડીઓએ કાંસ્ય ચંદ્રક જીત્યા હતા. હવે આ ખેલાડીઓ આગામી સમયમાં ખેલ મહાકુંભ અને રાષ્ટ્રીય કક્ષાએ ભાગ લેવા જશે.

# APMC Unja election

ઊંઝાની કૃષિ ઉત્પન્ન બજાર સમિતિ-APMCની 15 બેઠકોની ચુંટણી માટે 100 ફોર્મ ભરાયા છે. ખેડૂત વિભાગની 10 બેઠકો માટે 74 ફોર્મ અને વેપારી વિભાગની 4 બેઠકો માટે 24 ફોર્મ ભરાયાં છે, જ્યારે ખરીદ - વેચાણ વિભાગ ની એક બેઠક માટે બે ફોર્મ ભરાયાં છે. આજે ફોર્મ ચકાસણી હાથ ધરવામાં આવશે.